# બે ઈંચ વરસાદમાં જ સુરત થંભી જાય છે

**ઠેર ઠેર** ટ્રાફિકજામ થતા શહેરની ગતિ ધીમી પડી ગઇ, ઉધનામાં અડધો ઈંચ, જ્યારે અન્ય ઝોનમાં એકથી બે ઈંચ પાણી વરસ્યું

સુરત : શહેરમાં શુક્રવારે મેઘરાજાએ ફરી એકવાર તોફાની બેટિંગ કરતાં સાંજના સમયે માત્ર બે કલાકમાં જ સમગ્ર શહેરમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. સાંજે 4થી 6 વાગ્યા દરમિયાન પડેલા વરસાદને કારણે શહેરના અનેક મુખ્ય માર્ગો, અન્ડરપાસ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. અનેક સ્થળોએ ટ્રાફિક ધીમો પડ્યો હતો, જ્યારે કેટલાક માર્ગો પર કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.આખો દિવસ છુટા છવાયા વરસાદ બાદ સાંજે 4થી 6 દરમિયાન લિંબાયત ઝોનમાં સૌથી વધુ બે ઈંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત અઠવા ઝોનમાં 1.38 ઈંચ, સેન્ટ્રલ ઝોનમાં 1.26 ઈંચ અને વરાછા ઝોનમાં

| ઝોન | વરસાદ |
|---|---|
| સેન્ટ્રલ | 1.75 ઈંચ |
| રાંદેર | 1 ઈંચ |
| કતારગામ | 1 ઈંચ |
| વરાછા-એ | 1.5 ઈંચ |
| વરાછા-બી | 0.12 ઈંચ |
| લિંબાયત | 2 ઈંચ |
| અઠવા | 1.20 ઈંચ |
| ઉધના | 0.5 ઈંચ |

1.06 ઈંચ વરસાદ નોંધાતા શહેરના મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. કતારગામમાં 0.63 ઈંચ, જ્યારે રાંદેર અને ઉધના ઝોનમાં 0.43-0.43 ઈંચ તથા સરથાણામાં 0.35 ઈંચ વરસાદ નોંધાયો હતો. દિવસભરના છુટા છવાયા વરસાદ અને સાંજના ધોધમાર વરસાદની અસર સૌથી વધુ લિંબાયત ઝોન પર જોવા મળી હતી. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ વધુ ગંભીર બની હતી. હવામાનની સ્થિતિને જોતા આગામી કલાકોમાં વધુ વરસાદની શક્યતા વચ્ચે શહેરવાસીઓને ખાસ કરીને નીચાણવાળા અને ખાડીકાંઠાના વિસ્તારોમાં સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

## કપરી સ્થિતિ 2915 MLD સુએઝનું પાણી પમ્પિંગ કરાયું

સુરતઃ ચોમાસાની પ્રવર્તમાન પરિસ્થિતિ અને સતત વધી રહેલા પાણીના પ્રવાહ વચ્ચે સુરત મનપાના ડ્રેનેજ વિભાગ દ્વારા ગત 23 જુલાઈ 2026 ના રોજ એક નવો રેકોર્ડ કરવામાં આવ્યો હતો. ગટર વ્યવસ્થા પર ભારે દબાણ હોવા છતાં ડ્રેનેજ વિભાગના તમામ સુરએજ પમ્પિંગ સ્ટેશન્સ અને સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ 'પીક હાઇડ્રોલિક લોડિંગ' (મહત્તમ પ્રવાહી ભારણ) ની સ્થિતિમાં પણ સફળતાપૂર્વક કાર્યરત રહ્યા હતા. ગત 23 જુલાઈના રોજ સુઅરેજ સિસ્ટમના વિવિધ પમ્પિંગ સ્ટેશન્સ (SPS) દ્વારા ડાયવર્ટેડ પ્રવાહ સહિત કુલ 2915.03 MLD પાણીનું પમ્પિંગ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, જૂન 2026 ના મહિનામાં સરેરાશ પમ્પિંગ 1838 MLD નોંધાયું હતું. જેની સરખામણીએ 23 જુલાઈએ થયેલું આ પમ્પિંગ અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચ્યું છે.માત્ર પમ્પિંગ જ નહીં, પરંતુ પાણીના શુદ્ધિકરણ (ટ્રીટમેન્ટ) ક્ષેત્રે પણ વિભાગે નવો રેકોર્ડ બનાવ્યો છે.

## કડોદરા કેનાલ રોડ પર ખાડીપૂરને લીધે ટ્રાફિક જામ



■ સુરતમાં આવેલા ખાડીપુરના કારણે અનેક વિસ્તારમાં પાણી ફરી વળ્યા છે. જો કે, તેના કારણે કેટલાક રૂટ ડાયવર્ટ કરવામાં આવ્યા હોવાથી કડોદરા કેનાલ રોડ પર ભારે ટ્રાફિક જામ થઇ જાય છે. (તસવીર : સતીષ જાદવ)

## પોલીસ ઝોમેટોની ડિલિવરી બોય બની

**લાંબા** સમયથી વોન્ટેડ સમીર ભાટ્ટીને પાલ પોલીસે ભેંસાણ ચામુંડા હોટલેથી દબોચ્યો

સુરતઃ પાલ પોલીસે એમ.ડી. ડ્રગ્સના ગુનામાં લાંબા સમયથી ફરાર આરોપીને વેશપલટો કરી ફિલ્મી ઢબે ૩ દિવસ સુધી વોચ ગોઠવીને ઝડપી પાડ્યો છે.

પાલ પોલીસે સ્ટેશનના પી.આઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ઈન્ચાર્જ પી.એસ.આઈ. એમ.વી. પરમાર અને તેમની ટીમે તપાસ તેજ કરી હતી. ટેકનિકલ ટીમના પોલીસ કોન્સ્ટેબલ જીગ્નેશકુમાર પ્રવીણભાઈએ આરોપીના મોબાઈલ નંબરની કોલ ડિટેલ્સ અને લોકેશનનું એનાલિસિસ કર્યું હતું. જેમાં માલૂમ પડ્યું હતું કે આરોપી ધરપકડથી બચવા સતત પોતાના લોકેશન બદલી રહ્યો હતો.આથી પોલીસની ટીમે અનોખી વ્યૂહરચના બનાવી હતી. પોલીસે આરોપીના ઘરની આસપાસ ઝોમેટોના ડિલિવરી બોય અને રિક્ષાચાલકનો વેશ ધારણ કરી સતત ત્રણ દિવસ સુધી ગુપ્ત રીતે રેકી કરી હતી. જેવો આરોપી પોતાના ઘરેથી બહાર નીકળ્યો, કે તુરંત જ પોલીસે તેનો પીછો કરી ભેંસાણ ચામુંડા હોટલ સામેથી સમીર ઉર્ફે અબ્દુલ કરીમ યુસુફભાઈ ભાટ્ટી (ઉં.વ. ૨૧, ધંધો- મજૂરી કામ, રહે., ૨૦૩, આયશા રેસિડન્સી, પાંચ હાટડી, બોટાવાલા સ્કૂલ પાસે, રાંદેર, સુરત)ને ઝડપી પાડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, આ ગુનામાં અગાઉ બે આરોપીની ધરપકડ થઈ ચૂકી છે. પોલીસે હાલ મુખ્ય આરોપી સમીર ભાટ્ટી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

## આપઘાત દુષ્પ્રેરણા કેસમાં મુખ્ય આરોપી ઝડપાયો

**આગોતરા** જામીન સાથે હાજર થતાં સિંગણપોર પોલીસે ધરપકડ કરી

**પ્રેમજાળમાં** ફસાવી નાણાં-દાગીના પડાવ્યાનો આરોપ

સુરતઃ સિંગણપોરના તળાવ ફળિયામાં પિતા સાથે રહેતી 35 વર્ષીય મોનિકાબેને ગત 19 ફેબ્રુઆરીએ પોતાના નિવાસસ્થાને ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. આ બનાવના અનુસંધાને મૃતકના પિતાએ પડોશી કેયુર સંજય મોદી અને તેની પત્ની અનમોલ મોદી સામે આપઘાત માટે દુષ્પ્રેરણા આપ્યાની ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ કેયુરે પોતાની પત્ની સાથે અણબનાવ હોવાનું અને છૂટાછેડા લઈ મોનિકા સાથે લગ્ન કરી તેનાં બંને સંતાનને અપનાવવાની ખાતરી આપી પ્રેમસંબંધ બાંધ્યો હતો. બાદ પત્નીને છૂટાછેડા આપવા માટે નાણાંની જરૂર હોવાનું કહી મોનિકા પાસેથી બચતની રકમ તથા દાગીના મેળવી લીધા હતા. એ પછી તેણે સંબંધોનો ઈનકાર કરી દીધો હતો.

આરોપ છે કે, ગત 13 ફેબ્રુઆરીએ કેયુરની પત્ની અનમોલે અડાજણની હોસ્પિટલમાં મોનિકાને જાહેરમાં માર મારી અપમાનિત કરી હતી. બીજા દિવસે જ્યોતિન્દ્ર દવે ગાર્ડનમાં બોલાવી ફરી હંગામો કર્યો હતો. સતત અપમાન અને માનસિક ત્રાસથી વ્યથિત મોનિકાએ અંતે આપઘાત કરી લીધો હતો. ફરિયાદમાં એવો પણ આરોપ છે કે, કેયુરે મોનિકાને 'મરવું હોય તો મરી જા, મને કોઈ ફરક પડતો નથી' કહી માનસિક રીતે વધુ તોડી નાંખી હતી.

આ કેસમાં કેયુર મોદી આગોતરા જામીન અરજી સાથે હાજર થતા પોલીસે તેની ધરપકડ કરી હતી.

## મોટા વરાછામાં વૃક્ષ પડતાં પાંચ કાર દબાઈ

**પાંચ** સ્થળે વૃક્ષો ધરાશાયી

સુરતઃ છેલ્લા 24 કલાક દરમિયાન શહેરમાં સતત વરસી રહેલા વરસાદ અને તેજ પવનના કારણે શહેરના વિવિધ વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થવાની પાંચ ઘટનાઓ નોંધાઈ હતી. સૌથી મોટી ઘટના ગુરુવારે સાંજે મોટા વરાછાના લજામણી ચોક નજીક આવેલી ગોપીનાથ સોસાયટી વિસ્તારમાં બની હતી, જ્યાં એક કદાવર વૃક્ષ અચાનક ધરાશાયી થતાં રસ્તા પર પાર્ક કરેલી પાંચ જેટલી કાર તેની નીચે દબાઈ ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ વાહનોને નુકસાન પહોંચ્યું હતું.

છેલ્લા 24 કલાક દરમિયાન કતારગામ ખાતે સુરત ડિસ્ટ્રિક્ટ બેંક નજીક, કોસાડમાં બળિયાદેવ મંદિર પાસે, રિંગ રોડ પર મિલેનિયમ માર્કેટ નજીક, ડિંડોલીની પ્રિયંકા સિટી વિભાગ-2 તેમજ મોટા વરાછાના લજામણી ચોક વિસ્તારમાં વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ બની હતી. મોટા વરાછાની ઘટનામાં સરથાણા ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી કટર અને અન્ય સાધનોની મદદથી વિશાળ વૃક્ષને કાપીને દૂર કર્યું હતું. ત્યારબાદ દબાયેલી કારોને બહાર કાઢી માર્ગ પરનો અવરોધ દૂર કરવામાં આવ્યો હતો. ફાયર સબ ઓફિસર જગદીશ રત્નુએ જણાવ્યું હતું કે વરસાદ અને તેજ પવનને કારણે વૃક્ષો ધરાશાયી થવાના બનાવોમાં વધારો થયો છે.

## અર્ટિગા કાર ગીરવે મૂકવાના નામે રૂ.૨.૬૦ લાખની છેતરપિંડી

**મૂળ** માલિકે GPS થકી કાર શોધી લેતાં ભોપાળું બહાર આવ્યું

સુરત : સગરામપુરા, તલાવડી ખાતે રહેતા અને કાપડનો વેપાર કરતાં હમીદ અબ્દુલ ગફુર શેખ પૂર્વ પરિચિત ઈકબાલ બાપુ મારફતે તબસ્સુમ, મોહસીન કાદરમીયા પઠાણ, ફરઝાના પઠાણ, અહેસાન મોટરવાલા ઉર્ફે ચીકુ અને પરવેઝ ઉર્ફે મુન્નાના સંપર્કમાં આવ્યાં હતા. આ લોકોએ એક સફેદ રંગની અર્ટિગા કાર (નં. DD-03-K-4188) ૨.૫૦ લાખ રૂપિયામાં ગીરવે મૂકવાની વાત કરી હતી. કારની આર.સી. બુક હિરલકુમાર રમણલાલ હળપતિના નામે હોવાથી પૂછપરછ કરતાં આરોપીઓએ કાર માલિક બહાર હોવાનું કહી તેમના નામે બોગસ આધાર કાર્ડ બતાવ્યું હતું અને છેતરપીંડી કરી હતી. કરાર થયાના ૧૫ દિવસ બાદ ત્રણ અજાણ્યા ઈસમો વેપારીના ઘર પાસેથી બીજી ચાવી વડે અર્ટિગા કાર લઈ જતા હતા. વેપારીએ અટકાવતા જાણવા મળ્યું કે તેમાંથી એક વ્યક્તિ જ કારના મૂળ માલિક હિરલકુમાર હળપતિ હતા. તેમણે પોતાના અસલ આઈ.ડી. પ્રૂફ બતાવી સ્પષ્ટ કર્યું હતું કે કાર પરવેઝ ઉર્ફે મુન્નાને ભાડે આપી હતી. કાર પરત ન મળતા GPS લોકેશનના આધારે તેઓ સુરત આવ્યા હતા. છેતરપિંડીનો ભોગ બનેલા વેપારીએ તમામ આરોપીઓ પાસે પોતાના રૂ. ૨.૫૦ લાખ પરત માંગતા તેઓ વાયદા કરતા હતા જેથી તબસ્સુમ ઈરફાન હમીદબક્ષ શેખ (રહે., અનાવલ, તા.મહુવા, જિ.સુરત તથા રહે., ગ્રીન પાર્ક સોસાયટી, પોલીટેકની કોલેજ પાસે, વલસાડ), મોહસીન કાદરમીયા પઠાણ, ફરઝાના મોહસીન પઠાણ (બંને રહે., જૂની મસ્જિદ ફળિયું, અનાવલ, મહુવા), અહેસાન મજીદ મોટરવાલા ઉર્ફે ચીકુ (રહે., ગ્રીન પાર્ક-૧, કોસંબા રોડ, વલસાડ), પરવેઝ ઉર્ફે મુન્ના (રહે., અમરીન એપાર્ટમેન્ટ, શહિદ ચોક પાસે, વલસાડ) તથા તેજસ પારડી ઉર્ફે તેજસ મહેશભાઈ વાછાણી (રહે., વિષ્ણુ દત્ત સોસાયટી, બંદર રોડ, વલસાડ તથા રહે., ૩૦૫, ગજાનંદ કોમ્પ્લેક્સ, દમણી ઝાંપા, પારડી, જિ.વલસાડ) સામે પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

## જંતરમંતરનો ફેક વિડીયો બનાવનારની ધરપકડ

**નવસારીથી** 1500 લોકો દિલ્હી જંતર-મંતર પર પ્રોટેસ્ટે માટે રવાના થયાના લખાણ સાથે જૂનો વિડીયો પોસ્ટ કર્યો હતો

સુરતઃ સોશિયલ મીડિયા પર બનાવટી વીડિયો વાયરલ કરી જાહેર સુલેહ-શાંતિનો ભંગ કરવાનો પ્રયાસ કરનાર કતારગામના ગણેશ પાન સેન્ટર પરથી આરોપી મનિષભાઇ ભુવરલાલ મોર્ય (ઉં.વ.૪૨, રહે., જય અંબે સોસાયટી, હરિદર્શન ખાડા કતારગામ, મૂળ મધ્યપ્રદેશ) ની ક્રાઈમ બ્રાન્ચે ધડપકડ કરી છે.

ઉમરા પોલીસ સ્ટેશનની સાયબર શાખામાં ફરજ બજાવતા એ.એસ.આઈ. કુણાલકુમાર વિઠ્ઠલભાઈ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર સતત મોનિટરિંગ કરી રહ્યા હતા. તે દરમિયાન તા. ૨૩/૦૭/૨૦૨૬ ના રોજ ઈન્સ્ટાગ્રામ પર _Manish Maurya_ નામના એકાઉન્ટ પરથી એક વિડીયો વાયરલ થયેલો જોવા મળ્યો હતો. આ વિડીયોમાં "નવસારીથી આદિવાસી સમાજના ૧૫૦૦ ભાઈ-બહેનો દિલ્હી જંતર-મંતર પર પ્રોટેસ્ટ માટે રવાના" તેવું લખાણ લખવામાં આવ્યું હતું. સાયબર ટીમે ટેકનિકલ તપાસ કરતાં માલુમ પડ્યું હતું કે, આ વિડીયો જૂનો હતો અને તેને એડિટ કરી બનાવટી ઓડિયો-ટેક્સ્ટ ઉમેરી લોકોને નાહક ઉશ્કેરવા અને સમાજમાં વૈમનસ્ય પેદા કરવાના ઈરાદાથી પોસ્ટ કરવામાં આવ્યો હતો. ગુનો આચર્યા બાદ આરોપીએ આ પોસ્ટ ડીલીટ પણ કરી દીધી હતી. આ મામલે ઉમરા પોલીસમથકમાં ગુનો નોંધાયો હતો.

## અમરોલીમાં આર્થિક સંકડામણમાં પૂર્વ શિક્ષિકાનો ફાંસો ખાઈ આપઘાત

સુરતઃ મૂળ જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના લીંબુડાગામના વતની પીન્ટુભાઈ સિનેજિયા હાલમાં અમરોલી-કોસાડ લેક ગાર્ડનની સામે આવેલ વેદાંત ઈન્ટેલિયા એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહે છે. તે હીરાના કારખાનામા નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતાં. પીન્ટુભાઈની 42 વર્ષીય પત્ની વિજ્યાલક્ષ્મીબેન ખાનગી સ્કૂલમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. પરંતુ ડિપ્રેશનના કારણે બે મહિના પહેલા નોકરી છોડી દીધી હતી અને ઘરે જ હતા. ગુરુવારે સાંજે વિજ્યાલક્ષ્મીએ ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં, વિજ્યાલક્ષ્મીબેનને ઊંઘની દવા ચાલુ હતી. તેઓએ ડિપ્રેશનથી અથવા આર્થિક સંકડામણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાની શકયતા છે.

## અતિભારે વરસાદ ભૂકંપને પણ પ્રેરિત કરી શકેઃ ડો.પંકજ ગાંધી

**ભૂગર્ભ** જળના દબાણમાં ફેરફાર પણ એક સંભવિત પરિબળ હોઈ શકે?

સુરતઃ સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં 3.2 તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો, જેનું કેન્દ્રબિંદુ સુરતથી આશરે 42 કિલોમીટર દૂર ખંભાતના અખાત વિસ્તારમાં નોંધાયું હતું. ભૂકંપની તીવ્રતા ઓછી હોવાથી જાનહાનિ કે મોટા નુકસાનના અહેવાલો મળ્યા નથી, પરંતુ આ ઘટનાએ એક મહત્ત્વપૂર્ણ વૈજ્ઞાનિક પ્રશ્ન ઊભો કર્યો છે. શું છેલ્લા કેટલાક દિવસોમાં પડેલા અતિભારે વરસાદ અને તેના કારણે થયેલા ભૂગર્ભ જળના ઝડપી પુનર્ભરણ (Groundwater Recharge)નો આ ઘટનામાં કોઈ પરોક્ષ સંબંધ હોઈ શકે? SVNIT રિસર્ચ ફેલો અને એન્વાયરમેન્ટ સાયન્ટિસ ડો.પંકજ ગાંધી કહે છે કે, આ મુદ્દે વૈજ્ઞાનિક અભ્યાસો રસપ્રદ સંકેતો આપે છે. વિશ્વનાં અનેક સંશોધનો દર્શાવે છે કે કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિઓમાં ભારે વરસાદ, જળાશયોનું ભરાવું અથવા ભૂગર્ભજળના દબાણમાં વધારો, પહેલેથી જ તણાવગ્રસ્ત ફોલ્ટ પર નાના અથવા મધ્યમ તીવ્રતાના ભૂકંપને પ્રેરિત (Trigger) કરી શકે છે. ભારે વરસાદ દરમિયાન વિશાળ પ્રમાણમાં પાણી જમીનમાં ઊતરીને ઊંડી તિરાડો અને ફોલ્ટ ઝોન સુધી પહોંચી શકે છે. પરિણામે ભૂગર્ભ જળનું દબાણ (Pore Water Pressure) વધે છે. જ્યારે આ દબાણ વધે છે ત્યારે ફોલ્ટની બંને સપાટીઓ વચ્ચેનું ઘર્ષણ (Friction) થોડું ઘટી શકે છે. જો તે ફોલ્ટ પહેલેથી જ ટેક્ટોનિક દબાણ હેઠળ હોય, તો આ નાનો ફેરફાર પણ નાના ભૂકંપને પ્રેરિત કરવામાં સહાયક બની શકે છે. અહીં એક બાબત સ્પષ્ટપણે સમજવી જરૂરી છે કે વરસાદ પોતે ભૂકંપ પેદા કરતો નથી. ભૂકંપનું મૂળ કારણ પૃથ્વીની ટેક્ટોનિક પ્લેટોની સતત ગતિ અને તેનાથી સર્જાતો તણાવ જ છે.

વરસાદ અથવા ભૂગર્ભ જળમાં થતા ફેરફારો માત્ર પહેલેથી જ તણાવગ્રસ્ત ફોલ્ટ પર અંતિમ ટ્રિગર તરીકે કાર્ય કરી શકે છે. એટલે કે, જો ફોલ્ટ પહેલેથી જ અસ્થિર સ્થિતિમાં હોય તો જ આવાં પરિબળોની અસર જોવા મળી શકે.

## નાના વરાછામાં પગ લપસી જતાં ખાડીમાં પડેલા આધેડને ફાયર બ્રિગેડે બચાવ્યો



સુરતઃ નાના વરાછા વિસ્તારમાં આવેલા ચીકુવાડી નજીકની રવિ પાર્ક સોસાયટી પાસે એક મોટી દુર્ઘટના ટળી હતી, જ્યાં એક બીમાર વ્યક્તિ અચાનક પગ લપસી જતાં ખાડીના ઊંડા પાણીમાં પડી ગયો હતો. તાત્કાલિક સ્થાનિકો દ્વારા કાપોદ્રા ફાયર સ્ટેશનને જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતા સમજીને કાપોદ્રા ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ ખાડીના પાણીમાં ડૂબી રહેલા આ વ્યક્તિને સમયસૂચકતા વાપરીને સુરક્ષિત રીતે બહાર કાઢી તેનો જીવ બચાવી લીધો હતો. બચાવી લેવાયેલા વ્યક્તિની તબિયત નાજુક અને બીમાર હોવાથી તેને વધુ અને ત્વરિત સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

### લોકોની નજર સામે જ બમરોલી ખાડીમાં યુવાન તણાયો, ડૂબી જતાં મોત

સુરતઃ શહેરમાં વરસાદી પાણીના ભરાવા અને ખાડીઓમાં વધેલા પ્રવાહ વચ્ચે બે અલગ-અલગ દુઃખદ બનાવો સામે આવ્યા છે. પ્રથમ બનાવમાં પાલનપુરગામ ખાતે કેનાલ રોડ પર આવેલા હળપતિવાસમાં રહેતા 80 વર્ષીય પાલીબેન રવજીભાઈ રાઠોડ ગુરુવારે રાત્રે પરિવાર સાથે ભોજન કર્યા બાદ ઘરેથી કોઈને કહ્યા વિના બહાર નીકળી ગયા હતા. શુક્રવારે સવારે પરિવારે શોધખોળ હાથ ધરતા ઘર નજીક આવેલા વરસાદી પાણીના ખાડામાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો હતો. ફાયર બ્રિગેડે મૃતદેહ બહાર કાઢી પાલ પોલીસને સોંપ્યો હતો. મૃતક પાલીબેનને સંતાનમાં એક પુત્રી અને એક પુત્ર છે, જેઓ ખાનગી નોકરી કરે છે. બીજા બનાવમાં પાંડેસરા-બમરોલી ખાડીમાં એક અજાણ્યો યુવક પાણીના તીવ્ર પ્રવાહમાં તણાતો હોવાની જાણ સ્થાનિકોએ ફાયર બ્રિગેડને કરી હતી. માહિતી મળતા જ ફાયરના જવાનોએ તાત્કાલિક શોધખોળ હાથ ધરી હતી અને અલથાણ-બમરોલી ખાડી વિસ્તારમાંથી યુવકનો મૃતદેહ શોધી કાઢ્યો હતો. ફાયર ટીમે મૃતદેહને બહાર કાઢી આગળની કાર્યવાહી માટે સ્થાનિક અલથાણ પોલીસને સુપ્રત કર્યો છે. હાલ મૃતક યુવકની ઓળખ વિધિ બાકી હોવાથી અલથાણ પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### ઓલપાડના અછારણમાં પાણી વચ્ચે ફસાયેલા વૃદ્ધ ખેડૂત દંપતીનું રેસ્ક્યુ

ઓલપાડ તાલુકાના અછારણ ગામે વાડી વિસ્તારમાં પાણીનું સ્તર સતત વધી રહ્યું હતું. આ સ્થિતિમાં વાડીમાં રહેતા વૃદ્ધ ખેડૂત દંપતી ભગવાનદાસભાઈ અને સમજુબેન પાણી વચ્ચે ફસાઈ ગયા હતા. દંપતીએ મદદ માટે ઓલપાડ મામલતદાર કચેરીનો સંપર્ક કર્યો હતો. ઘટના અંગે જાણ થતાં જ સુરત ફાયર વિભાગનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પાણીનો પ્રવાહ વધુ હોવાથી ફાયરના જવાનો 'રિંગ ગાર્ડ' સાથે જાતે જ પાણીમાં તરીને દંપતી સુધી પહોંચ્યા હતા અને બંનેને સલામત રીતે બહાર કાઢીને સુરક્ષિત સ્થળે પહોંચાડ્યા હતા.

## ITR ભરવાની સમયમર્યાદા લંબાવવા ફોસ્ટાની માંગ

**કુદરતી** આપત્તિને ધ્યાનમાં લઈ વધુ સમય આપવા નાણાંમંત્રીને રજૂઆત

સુરતઃ ફેડરેશન ઓફ સુરત ટ્રેડ એન્ડ ટેક્સટાઈલ એસોસિએશન્સ (ફોસ્ટા) દ્વારા કેન્દ્રીય નાણાંમંત્રીને પત્ર લખી નાણાકીય વર્ષ 2025-26 (આકારણી વર્ષ 2026-27) માટે ITR-1 અને ITR-2 દાખલ કરવાની છેલ્લી તારીખ 31 જુલાઈ, 2026ના બદલે 31 ઓગસ્ટ, 2026 સુધી લંબાવવાની માંગ કરવામાં આવી છે. જુલાઈ મહિનામાં સુરત સહિત ગુજરાતના અનેક વિસ્તારોમાં થયેલા ભારે વરસાદ અને પૂરની સ્થિતિને કારણે વેપાર-ધંધા પર ગંભીર અસર પડી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

ફોસ્ટાના પ્રમુખ હંસરાજ જૈને જણાવ્યું હતું કે સતત વરસાદને કારણે અનેક કાપડ વેપારીઓની દુકાનો, ગોડાઉન અને ઓફિસોમાં પાણી ઘૂસી જતાં માલસામાન ઉપરાંત હિસાબી ચોપડાં, બિલ, વાઉચર, કોમ્પ્યુટર, હાર્ડ ડિસ્ક તથા અન્ય મહત્વના દસ્તાવેજોને ભારે નુકસાન થયું છે. પરિણામે આવકવેરા રિટર્ન ભરવા માટે જરૂરી દસ્તાવેજોનું પુનઃ સંકલન કરવામાં વેપારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

ફોસ્ટાના મહામંત્રી દિનેશ કટારિયાએ જણાવ્યું હતું કે પૂરની અસરગ્રસ્ત વિસ્તારોમાં વેપારી સંસ્થાઓના કર્મચારીઓ, એકાઉન્ટિંગ સ્ટાફ અને ટેક્સ પ્રોફેશનલ્સ પણ અસરગ્રસ્ત બન્યા હોવાથી રિટર્ન તૈયાર કરવાની પ્રક્રિયા સામાન્ય ગતિએ ચાલી શકી નથી. આવી અસાધારણ પરિસ્થિતિમાં નિયત સમયમર્યાદામાં આવકવેરા રિટર્ન દાખલ કરવું કરદાતાઓ માટે અત્યંત મુશ્કેલ બની ગયું છે.

## ઠગાઈ કેસમાં ડોક્ટર સહિત બેની જામીન અરજી ફગાવાઇ

**સીઆઈડી** સાયબર ક્રાઈમ પોલીસે આંતરરાષ્ટ્રીય કૌભાંડ ઝડપી પાડ્યું હતું

સુરતઃ રાજકોટનાં ડોકટર સહિત બે આરોપીની સ્પેશિયલ કોર્ટે જામીન અરજી નામંજૂર કરી હતી. રાજકોટના ઉપલેટાનાં ડો. જયદીપકુમાર અરદેશણા તથા પોરબંદરનાં સાગર ગોકાણીની સી.આઈ.ડી. સાયબર ક્રાઈમ પોલીસે ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 61(2), 318(4), 336(2), 336(3) તથા આઈ.ટી. એક્ટની કલમ 66(C), (D) હેઠળ ધરપકડ કરી હતી. આ કેસમાં બંને આરોપીએ કોર્ટમાં જામીન અરજી કરી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ નિલેશ ગોળવાલાએ જામીન અરજીનો વિરોધ કરી રજૂઆત કરી હતી કે અરજદારોએ અન્ય સહ-આરોપી સાથે મિલીભગત કરીને ફરિયાદીને લલચાવ્યા છે અને નેપાળ ખાતેના અન્ય સહ-આરોપીને બંધન બેંકની કિટ પૂરી પાડી હતી. અરજદારોના મોબાઈલમાંથી સ્ક્રીનશોટ અને બેંક વિગતો સહ-આરોપીને શેર કરવામાં આવી હતી. આરોપીઓએ નકલી પાન કાર્ડ અને આધાર કાર્ડ બનાવ્યાં છે. પોર્ટલ પર અરજદાર અને અન્ય લોકો સામે 31 ફરિયાદો નોંધાયેલી છે. હાલ તપાસ ચાલુ છે. હજુ સુધી સહ-આરોપીઓ પણ પકડાયા નથી, તેથી તેમને જામીન પર મુક્ત કરવા જોઈએ નહીં. તમામ પક્ષકારોની રજૂઆત બાદ કોર્ટે બંને આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

## દિલ્હી-સુરત ઈન્ડિગોની ફ્લાઈટ ઈન્દોર ડાયવર્ટ કરાઈ

**કેન્દ્રીય** જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ પણ વિમાનમાં હતા

સુરતઃ સુરતમાં પ્રતિકૂળ હવામાન અને ઓછી દૃશ્યતા (વિઝિબિલિટી)ને કારણે દિલ્હીથી સુરત આવતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E-2557ને સાવચેતીના ભાગરૂપે સુરત એરપોર્ટ પર ઉતારવાના બદલે ઈન્દોર એરપોર્ટ તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. આ ઘટનાના કારણે મુસાફરોને થોડો વિલંબ સહન કરવો પડ્યો હતો. આ ફ્લાઈટમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ પણ દિલ્હીથી સુરત આવી રહ્યા હતા.

એરલાઈન દ્વારા મળેલી માહિતી મુજબ, આ ફ્લાઈટ 03.50 કલાકે નવી દિલ્હી એરપોર્ટથી ટેકઓફ થઈ સાંજે 05.10 કલાકે સુરત આવે છે. પણ સુરત,વડોદરા અને અમદાવાદ એરપોર્ટ પર ઓછી વિઝિબિલિટીને લીધે આ ફ્લાઈટ ઈન્દોર એરપોર્ટ લઈ જવામાં આવી હતી. હવામાનમાં સુધારો થયા બાદ તેમજ જરૂરી ઓપરેશનલ મંજૂરીઓ પ્રાપ્ત થતાં ફ્લાઈટે સુરત માટે ફરી ઉડાન ભરી હતી અને રાત્રે આશરે 8:30 વાગ્યે સુરત એરપોર્ટ પર સલામત લેન્ડિંગ કર્યું હતું.

આ જ વિમાન દ્વારા સુરતથી દિલ્હી જતી ઈન્ડિગોની ફ્લાઈટ 6E-6453નું પણ સંચાલન થવાનું હોવાથી ઈનબાઉન્ડ ફ્લાઈટના ડાયવર્ઝનને કારણે આ ફ્લાઈટના પ્રસ્થાનમાં પણ વિલંબ થશે. એરપોર્ટ સત્તાવાળાઓએ સ્પષ્ટ કર્યું છે કે મુસાફરો અને વિમાન સંચાલનની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે. તેથી હવામાન સંપૂર્ણપણે અનુકૂળ બન્યા બાદ જ તમામ ફ્લાઈટોના સંચાલન અંગે નિર્ણય લેવામાં આવી રહ્યો છે.